# 25th Meeting of the Working Mechanism for Consultation & Coordination on India-China Border Affairs

## ભારત-ચીન સીમા બાબતો પર પરામર્શ અને સંકલન માટેની કાર્યકારી યંત્રણાની 25મી મીટિંગ

14 ઓક્ટોબર, 2022

ભારત-ચીન સીમા બાબતો પર પરામર્શ અને સંકલન માટેની કાર્યકારી યંત્રણા (WMCC) ની 25મી મીટિંગ 14 ઓક્ટોબર 2022 નાં રોજ યોજવામાં આવી હતી. ભારતીય પ્રતિનિધિ મંડળની આગેવાની વિદેશ મંત્રાલય માંથી સંયુક્ત સચિવ (પૂર્વ એશિયા) દ્વારા કરવામાં આવી હતી. ચીનનાં વિદેશ મંત્રાલયનાં સીમા અને સમુદ્રી વિભાગનાં મહા નિયામક દ્વારા ચીનનાં પ્રતિનિધિ મંડળની આગેવાની કરવામાં આવી હતી.

2. બન્ને પક્ષોએ ભારત-ચીન સીમા ક્ષેત્રોનાં પશ્ચિમ ક્ષેત્રમાં વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પરની પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. મે 2022 માં WMCC ની અંતિમ મીટિંગ પછી થયેલા વિકાસોને યાદ કરતા, તેઓએ 8-12 સપ્ટેમ્બર 2022 વચ્ચે તબક્કાવાર, સંકલિત રીતે અને ખરાઈપૂર્ણ રીતે હાથ ધરવામાં આવેલ ગોગરા-હોટ સ્પ્રિંગ્સ (PP-15) નાં ક્ષેત્રમાં સૈન્ય પાછા ખેંચવાનું સ્વાગત કર્યું હતું. તેઓએ નોંધ લીધી હતી કે આ પગલાઓ જુલાઈ 2022 માં બાલિમાં થયેલી તાજેતરની તેઓની મુલાકાત સહિત, ભારતનાં વિદેશ મંત્રી અને ચીનનાં સ્ટેટ કાઉન્સિલર અને વિદેશ મંત્રી વચ્ચે થયેલી સમજૂતિઓને પ્રતિપાદિત કરે છે.

3. દ્વિપક્ષીય સંબંધોમાં સામાન્યતા પુનઃસ્થાપિત કરવા માટેની પરિસ્થિતિઓનું નિર્માણ કરવા માટે વહેલાસર વાસ્તવિક નિયંત્રણ રેખા પર પડતર મુદ્દાઓનું નિરાકરણ લાવવા માટે બન્ને પક્ષો રાજદ્વારી અને મિલિટ્રી ચેનલો મારફત ચર્ચાઓ ચાલું રાખવા સંમત થયા હતા.

4. દ્વિપક્ષીય સમજૂતિઓ અને પ્રોટોકોલ અનુસાર પશ્ચિમ ક્ષેત્રમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર પડતર મુદ્દાઓનાં નિરાકરણ લાવવાનાં ધ્યેયને હાંસલ કરવા માટે, તેઓ વહેલાસર તારીખ પર સીનિયર કમાન્ડરોની મીટિંગનો આગામી (17મો) રાઉન્ડ યોજવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**14 ઓક્ટોબર, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.